# પ્રકરણ-૬ (નિયમ સંગ્રહ-૭)

૭.૧ (૧) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ

બ્લોક નં.૧૧,બીજો માળ,

ડૉ.જીવરાજ મહેતા ભવન,

સેકટર નં.૧૦, ગાંધીનગર,ગુજરાત.

(૨) સ્વાયત્ત રાજય સરકારનું નિગમ.

(૩) ગુજરાત સરકારશ્રીએ ધી ગુજરાત પછાત વર્ગ વિકાસ અધિનિયમ ૧૯૮૫ હેઠળ વર્ષ -૧૯૮૭ માં આ નિગમની ૧૫ કરોડની સત્તાવાર મૂડીથી રચના કરેલ છે.આ શેર મૂડીમાં વધારો કરી વર્ષ ૨૦૦૦-૨૦૦૧ માં રૂા.૫૦ કરોડ કરેલ છે.સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના નાગરિકોની સામાજીક અને આર્થિક ઉન્નતિ કરવાની તેમજ આ વર્ગો માટે સરકારશ્રીએ નક્કી કરેલ આવક અને અન્ય આર્થિક માપદંડોને અનુલક્ષીને આર્થિક અને નાણાંકીય સહાય કરવાનો છે.

(૪) નિગમ સંચાલક તરીકેનું કામ કરે છે.

(૫) નિગમનું માળખું વધુમાં વધુ ૧૫ ડીરેકટરોનું છે.જેમાં સરકારી પાંચ (૫) ડીરેકટરો અને બાકીના દશ (૧૦) ડીરેકટરો બિનસરકારી હોય છે. રાજય સરકાર આ ડીરેકટરો પૈકી એક ડીરેકટરને અધ્યક્ષ તરીકે ,એક ડીરેકટરને ઉપાધ્યક્ષ તરીકે નીમે છે. જયારે રાજય સરકાર સરકારી ડીરેકટરો પૈકી એકને મેનેજીંગ ડીરેકટર તરીકે નીમે છે.

(૬) સંસ્થાના વડા ચેરમેનશ્રી અને વહીવટી વડા મેનેજીંગ ડીરેકટરશ્રી ગણાય છે.

(૭) કોલમ નં.૧ મુજબ (આ સંસ્થાની અન્ય કોઈ શાખાઓ નથી.)

(૮) નિયામક મંડળની બેઠક, લાભાર્થી પસંદગી સમિતીની બેઠક, ખરીદ સમિતીની બેઠક અને કર્મચારીની ભરતી/બઢતીની બેઠક.

(૯) જનતાને આ બેઠકોમાં બેસવાનો અધિકાર હોતો નથી.

(૧૦) બેઠકોની કાર્યાવહી નોંધ બનાવવામાં આવે છે.

(૧૧) બેઠકોની કાર્યવાહી નોંધ અને થયેલ ઠરાવ પ્રમાણે અમલ કરવામાં આવે છે.